સરકારી વાહનોને રદબાતલ કરવા અંગેના
નિયમો બાબત...

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: જીટીએસ-૧૦૮૯-૪૦૧-ચ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૯-૮-૯૪

વંચાણે લીધા :-

૧. બંદરો વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગનો તા.૧૨-૧૧-૮૭નો ઠરાવ ક્રમાંક જીટીએસ-૨૬૭૮-૪૮૯૭-દ
૨. ગૃહ વિભાગનો તા.૧-૨-૯૨ નો ઠરાવ ક્રમાંક: જીટીએસ-૧૦૮૯-૪૦૧-ચ,
૩. ગૃહ વિભાગનો તા.૨૧-૪-૯૩ નો ઠરાવ ક્રમાંક: જીટીએસ-૧૦૮૯-૪૦૧-ચ

ઠ રા વ ::-

તા.૨૧-૪-૯૩ ના ઠરાવથી સરકારશ્રીએ નિર્ણય કર્યો છે કે હળવા વાહનો જેવા કે એમ્બેસેડર, જીપ, પીકઅપવાન, પ્રિમિયર-૧૧૮ એનઈ, મારુતીકાર, ફીયાટ વગેરેમાં જે વાહને બે લાખ કિ.મી.૧૦ વર્ષના આયુષ્ય સાથે પુર્ણ કરેલ હશે તે રદબાતલ કરવાપાત્ર થશે. કોઈ વાહને ૧૦ વર્ષ પુરા કર્યા હશે પરંતુ બે લાખ કી.મી. પુરા કર્યા નહીં હોય તે વાહન રદબાતલ કરી શકાશે નહીં. આ ઠરાવની જોગવાઈના અર્થઘટન માટે મૌખિક રજુઆતો અવારનવાર થતી રહે છે. તેથી નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

સ્પષ્ટતા :-

હળવા વાહનો જેવા કે એમ્બેસેડર, જીપ, પીકઅપવાન, પ્રિમીયર-૧૧૮ એનઈ, મારુતીકાર, ફીયાટ જેવા વાંહનોએ ૨ લાખ કિ.મી. પુરા કર્યા હોય અને ૧૦ વર્ષ પુરા કર્યા ના હોય છતાં તે રદબાતલ કરવાની કાર્યવાહી કરી શકાશે પરંતુ જે વાહને ૧૦ વર્ષ પુરા કર્યા હોય પરંતુ બે લાખ કિ.મી. પુરા કર્યા ના હોય તો તેવું વાહન બે લાખ કી.મી. પુરા ન કરે ત્યાં સુધી રદબાતલ

..૨..

કરી શકાશે નહીં. પરંતુ આવા વાહનને ૧૦ વર્ષ પુરા થઈ ગયા હોય અને બે લાખ કિ.મી. પુરા કરતા પહેલા રદબાતલ કરવાની જરુરીયાત જણાય તો તેવા વાહન માટે ગુણવત્તાના આધારે વિચારણા કરવાની રહેશે. અને તે માટે ગૃહ વિભાગ (વા.વ્ય.) તથા નાણાં વિભાગની આગોતરી મંજુરી મેળવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(એન.એસ.પાટડિયા)
ઉપસચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

X માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/માન.મુખ્યમંત્રીશ્રીના સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ
માન.વિરોધપક્ષાના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
મુખ્ય સચિવશ્રીના સચિવશ્રી
સર્વે સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
X સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
X સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
X સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
X સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
X રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ
વાહન વ્યવહાર કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
સર્વે અધિકારીશ્રીઓ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી
વ્યવસ્થાપકશ્રી, સરકારી વાહન વ્યવહાર સેવા, ગાંધીનગર.
સર્વે સુપ્રિન્ટેન્ડીંગ એન્જીનીયર(મીકે) સર્કલ(મા.અને મ.)

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સર્વે કલેકટરશ્રી/જીલ્લા વિકાસ અધિકારીશ્રી
સચિવાલયના સર્વે વિભાગો(૧૫ નકલો)
સર્વે ખાતાના વડાની કચેરીઓ/સર્વે બીજા ખાતાના વડાઓ(૧૫ નકલ)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી
સર્વે નાણાંકીય સલાહકારશ્રી
ગૃહ વિભાગની સર્વે શાખાઓ
સીલેકટ ફાઈલ
મદદનીશ સીલેકટ ફાઈલ.

X પત્ર દ્વારા

---

જા.નં.વોટેઓ/પીબી/૧૩૫૮/૯૪

સંયુકત નિયામક(યાં)અને
અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી,
વોટર ટેન્કર ઓર્ગેનાઈઝેશન,
ગાંધીનગર. તા.૨-૧૦-૯૪

- નકલ રવાના પ્રતિ, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, વો.ટે.પે.વિ. અમદાવાદ/રાજકોટ/ભુજ તરફ જાણ સારું તેમજ ઉપરોકત આદેશના અમલ કરવા સારું.
- નકલ : એમ.કે. વિભાગીય કચેરી

સહી/-
સંયુકત નિયામક(યાં) અને
અધિક્ષક ઈજનેર,
વોટર ટેન્કર ઓર્ગેનાઈઝેશન,
ગાંધીનગર.